# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૭-૧૨-૨૦૦૯**

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના માનનીય ધારાસભ્યશ્રી અમરસિંહભાઇ વસાવાનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ ડ્રોથી આવેલો છે. માન.ધારાસભ્યશ્રી અમરસિંહભાઇ વસાવા ગુજરાતમાં આદિવાસીઓ માટે સંપૂર્ણ ઉદાસીન રહેતી ભા.જ.પ.ની સરકારને જાગૃત કરવા માટે પોતાનો પ્રસ્તાવ રજુ કરશે.કોંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્ર સરકારે આદિવાસીઓની વર્ષો જુની માંગણીઓ વન સંપતિ પરના અધિકારની હતી તેને સંતોષવા માટે જંગલની જમીન ખેડવા પરના અધિકારનો કાયદો બનાવી આપ્યો. આ કાયદાના અમલમાં ગુજરાત સરકાર સંપૂર્ણ ઉદાસીન રહી છે. ગુજરાતમાં નવેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ ૧,૮૪,૩૨૯/- દાવાઓ કાયદાનો લાભ મેળવવા માટે રજુ થયા છે. જેમાં ૧,૭૬,૨૪૨/- વ્યકિતગત દાવાઓ છે અને ૮૭૮ કોમ્યુનીટીના દાવાઓ છે. આ દાવાઓ કાયદાની જોગવાઇઓ મુજબ તાત્કાલિક નિકાલ કરવાના બદલે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યો હોવા છતાં આદિવાસી સમાજને ન્યાય અન્યાય કરવામાં આવી રહયો છે. તેમ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું છે અને તેથી આદિવાસી સમાજની વ્યાજબી માંગણીને કોંગ્રેસના માન.ધારાસભ્યશ્રી અમરસિંહભાઇ વસાવાની છેલ્લા દિવસના પ્રસ્તાવ દ્વારા કોંગ્રેસપક્ષ રજુ કરશે. ગુજરાતમાં રજુ થયેલા નવેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ ૧,૮૪,૩૨૯/- દાવાઓ પૈકી ગુજરાતમાં માત્ર ૫,૬૬૮ વ્યકિતઓના દાવાઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ આંકડો બતાવે છે કે, ગુજરાત સરકાર આદિવાસી સમાજની કેટલી ઉપેક્ષા કરી રહી છે. રાજયના આદિવાસી ભાઇઓને વન સંપતિ આપવાના સંદર્ભમાં ગુજરાત સરકાર દ્વારા મોનીટરીંગ નહીં થવાના કારણે જંગલની જમીન ખેડતા આદિવાસીઓને ન્યાય મળતો નથી. દેશના અન્ય રાજયોની પરિસ્થિતિએ જોઇએ તો આંધ્રપ્રદેશમાં ૧,૭૩૦૯૧ દાવાઓનો નિકાલ કરીને આદિવાસી ભાઇઓને જમીન કાયદા મુજબ આપવામાં આવી છે. તેજરીતે છત્તીસગઢમાં ૧,૯૨૦૮૮, મધ્યપ્રદેશમાં ૪૭,૪૬૦, ઓરિસ્સામાં ૫૦,૧૯૦, ત્રિપુરામાં ૮૨,૭૪૧ એમ કુલ દેશમાં ૫,૬૮,૮૦૦/- વ્યકિતઓને જમીન એલોટ કરવામાં આવી છે અને ૪૩,૧૯૫ જેટલાં વ્યકિતઓને જમીન આપવા અંગેના દાવાઓ દેશમાં થયા છે તેના સામે ગુજરાત માત્ર ૫,૬૬૮ દાવાઓનો નિકાલ કરીને આદિવાસી સમાજને ઘોર અન્યાય કરી રહ્યું છે. આ સંદર્ભનો માન.ધારાસભ્યશ્રી અમરસિંહભાઇ વસાવાનો પ્રસ્તાવ ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષ તરફથી વિધાનસભા ગૃહમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ તરીકે ચર્ચવામાં આવશે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ